# વડગામના લીંબોઈની ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના શિક્ષકોએ તાલુકા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી

વડગામ તાલુકાના લીંબોઈ માં આવેલી બેથીન કોન્વેન્ટ સેકન્ડરી સ્કુલ તમામ શિક્ષકો એ પગાર વધારા ની માગણી સાથે તાલુકા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી છે. અને તેમાં શિક્ષકો એ રજૂઆત કરતા જણાવ્યું હતું કે જયારે તેઓ પ્રોઈન્સિપલ ને રજૂઆત કરવા ગયા ત્યારે તેમને હડધૂત કરાયા હોવાની પણ લેખિત રજૂઆત કરી છે.



વડગામ તાલુકાના લિંબોઈ માં આવેલી બેથીન કોન્વેન્ટ સેકન્ડ રી સ્કુલ ના તમામ પોતાના પગાર વધારા ને લઈ પ્રિન્સીપાલ ને મોંખીક રજૂઆત કરી હતી.પણ તેમણે તે ધ્યાને ન લેતા આખરે તમામ શિક્ષકો એ જેને લઈ આખરે આ શિક્ષકો એ તાલુકા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરી હતી અને તેમાં તેઓ એ જણાવ્યું હતું કે અમે શિક્ષકોએ પગાર વધારાની માગણી કરી હતી.પણ અમારી માગણી નો અસ્વીકાર કરી અમારી કોઈ વાત સાંભળવા પણ તૈયાર નથી.અને અમે તમામ શિક્ષકો લાયકાત ધરાવતા અને અનુભવી હોવા છતાં અને રાજીનામું આપ્યું નથી.છતાં નવા શિક્ષકો ની ભરતી કરી છે. અને અમે શિક્ષકો એ માંગણી કરતાં કોઈ પણ પ્રકારની ગરિમા ન જાળવી હડધૂત કરી બહાર કાઢી મૂક્યા હતા. અને અમે શાળામાં સમય સર હાજરી આપી એ છીએ છતાં અમને હાજરી પત્રક સહી કરવા માટે આપતા નથી.અને અમોએ પગાર વધારા ની માગણી વધુ પડતાં કામના કારણે કરી છે.અને અમોને માનસિક ત્રાસ પણ આપવામાં આવતો હોવાથી અને દરેક શિક્ષક જરૂરિયાત મંદ હોવાથી અમોએ સાથે મળી અને તેમાં પણ કાયમી શિક્ષકો તેમજ અનુભવી શિક્ષકો હોવા છતાં અમારા પગાર વધારા માંગ ધ્યાને ન લેતા શિક્ષકોએ આખરે તાલુકા શિક્ષણ અધિકારી ને લેખિત રજૂઆત કરી હતી. અને જણાવ્યું હતુ કે અમારી માંગણી નહિ સ્વીકારાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

# ઊંઝાના વેપારી સાથે છેતરપીંડી

ઊંઝા ગંજબજારમાં વેપારી પેઢી ધરાવતા એક વેપારી પાસેથી બનાસકાંઠાના એક શખ્સે લાખો રૂપિયાની કિંમતનું જીરૂ ખરીદીને ફક્ત બે લાખ રૂપિયા ચુકવી બાકી નીકળતા રૂપિયા ૧૭,૮૭,૮૯૪ નહીં ચુકવીને વેપારી સાથે વિશ્વાસઘાત કર્યો હોવા બાબતે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. ઊંઝા ખાતે ગંજબજારના ખાડીયા વિસ્તારમાં વેપારી પેઢી ધરાવતા પટેલ રાજેન્દ્રભાઈ માધવલાલ સાથે બનાસકાંઠાના થરાદ તાલુકાના નાની ભાપડી ગામના સાગર ઉર્ફે સગરામભાઈ લઘધીરભાઈ પટેલે વેપારીક સંબંધો કેળવી ગત મે માસમાં કુલ ૨૩૦ બોરી જીરૂ કિંમત રૂ. ૧૯,૮૭,૫૯૪ની ખરીદી કરી હતી. આ રકમ પેટે ફક્ત બે લાખ રૂપિયા આંગડીયા મારફતે વેપારીને ચુકવ્યા હતા અને બાકી નીકળતા ૧૭,૮૭,૮૯૪ રૂપિયા એક અઠવાડીયામાં ચુકવવાનો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ આ બાકી નીકળતા નાણાં વેપારીને નહીં આપીને વિશ્વાસઘાત કરતાં ઊંઝાના વેપારીએ સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરના માનસરોવર તળાવની પાળ પર જુગાર રમતા ત્રણ ઝડપાયા

પાલનપુરના માનસરોવર તળાવની પાળ પર ખુલ્લામાં રમાતા જુગારધામ પર પોલીસે રેડ કરી હતી. જેમાં ગંજીપાના થી હારજીતનો જુગાર રમતા ત્રણ જુગારીયાઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે એક જુગારીયો ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે રૂ.૬૬ હજારનો મુદામાલ કબ્જે લઈ ચાર જુગારીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના હરીપુરા વિસ્તારમાં આવેલ માનસરોવર તળાવની પાળ પર જાહેર માં જુગાર ખેલાતો હોવાની બાતમીના આધારે શહેર પૂર્વ પોલીસે ઓચિંતી રેડ કરી હતી. જેમાં ગંજીપાનાથી હારજીત નો જુગાર રમતા દિલીપ ભાવસિંગભાઈ ઠાકોર,અમરત છગનભાઈ ઠાકોર,અને જગદીશ રામચંદજી ઠાકોર ત્રણેય રહે.હરીપુરાવાળો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે ભરત ઉર્ફે લાલો મારૂ રહે.ધાણધાવાળો પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યો હતો. રેડ દરમિયાન,પોલીસ દ્વારા સ્થળ પર થી રૂ.૬ હજાર રોકડ અને ૬૦ હજાર નું બાઈક મળી ને કુલ રૂ.૬૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. અને બનાવ માં પકડાયેલ તેમજ ભાગી છુટેલ ચારેય જુગારીયાઓ વિરૂધ્ધ પૂર્વ પોલીસ મથકે જુગારધારા ની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### લો...બોલો રાજસ્થાન પરિવહન નિગમની

# એસટી બસ પર દરરોજ થતી મોતની મુસાફરી : તંત્ર લાચાર કે બેદરકાર..?

મોડાસા, તા. ૧૧

ગતિશીલ ગુજરાતમાં મોતની સવારીથી અસંખ્ય નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા રહી છે. ખાનગી વાહનનો સામે ટ્રાફિક ડ્રાઈવના નામે કામચલાઉ દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરતુ જીલ્લા આરટીઓ મુખ્યમથક મોડાસા એસટી ડેપોમાંથી જ મુસાફરોને બસના છત પર બેસાડવાનો અને ઉતારવાનો જાણે નિત્યક્રમ બની ગયો છે.



હોવા છતાં રાજ્ય સરકાર અને જવાબદારતંત્રની આંખો ખુલતી નથી. અરવલ્લી જીલ્લામાં કાયદાની ઐસી તૈસી કરી ખાનગી ટ્રાવેલ્સવાળા અને જીપો સહીત શટલીયાવાળાઓ તેમના વાહનોમાં ખીચોખીચ મુસાફરોને ભરી રૂપિયા કમાવાની લાહ્યમાં જીલ્લાના માર્ગો પરથી ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે અને બેફામપણે ભાડામાં પણ લૂંટ ચલાવી મુસાફરોને લૂંટી રહ્યા છે. ત્યારે રાજસ્થાન પરિવહન નિગમની એસટી બસમાં પણ મોતની સવારી ખુલ્લેઆમ થઈ તંત્ર અને જીલ્લા ટ્રાફિક તંત્ર રાજસ્થાન પરિવહન નિગમની એસટી બસ સામે કાર્યવાહી કરવામાં લાચાર જણાઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો પરથી પસાર થતી રાજસ્થાન પરિવહન નિગમની એસટી બસના કર્મચારીઓ ખીચો ખીચ મુસાફરો ભરવાની સાથે ટ્રાફિકના નિયમોને ઘોળીને પી જઈ બસના છાપરા ઉપર પણ મુસાફરો બેસાડી બિન્દાસ્ત બસસ્ટેન્ડમાં પણ પ્રવેશી રહ્યા છે. જીલ્લાના મુસાફરોને મોતની મુસાફરી કરાવતા રાજસ્થાન પરિવહન નિગમના કર્મચારીઓ સામે જીલ્લા આરટીઓ અને ટ્રાફિક તંત્રએ કાર્યવાહી કરે તેવું મુસાફરો ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાન પરિવહન નિગમના કર્મચારીઓ છત પર બેસાડતા મુસાફરોને ટિકિટ પણ અપાતા નથી અને મુસાફરો પાસેથી ઉચ્ચક ભાડાની રકમ વસૂલી ખિસ્સામાં સેરવી લઈ મુસાફરોની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છે.

# મોડાસામાં તસ્કરોને મોકળુ મેદાન મળ્યું છે

મોડાસા, તા. ૧૧

મોડાસામાં તસ્કરોને પોલીસતંત્રની નબળી કામગીરી લીધે મોકળું મેદાન મળી ગયુ હોય તેમ ચોરી, ચેઈન સ્નેચીંગના બનાવોમા વધારો થવા પામ્યો છે.

તાજેતરમા દક્ષાબેન વિનોદભાઈ ભાવસારનુ સંકટ ચોથના દિવસે રાત્રે જાહેર માર્ગ પરથી મંગળસૂત્ર ચેઈનસ્નેચર બાઈક પર આવી તફડાવી ગયો હતો. સિવાય એસટી બસ સ્ટેન્ડ વિસ્તારમાં મુસાફરોના ખિસાઓ તથા મોબાઈલ બિન્દાસ ચોરી જાય છે. આ નજીક જ ચાર રસ્તા પોલીસ ચોકી હોવા છતાં ચોરોને પોલીસનો બિલકુલ ડર નથી. આ સિવાય તાજેતરમાં માલપુર રોડ પર આવેલ મારુતિ કોમ્પલેક્ષમાં નવા શોરૂમના ઉદ્ઘાટન પહેલા માલ સામાનની ચોરી કરી શો રૂમ ખાલી કરી નાખ્યો હતો. તે પછી આ જ માર્ગ પર ૨૪ કલાક વસ્તીવાળા જાહેરમાર્ગ નજીક આવેલ પાર્થ એવન્યુ સોસાયટીમાં રવિવાર રાત્રીએ બંધ મકાનમાંથી તસ્કરો સાડા ત્રણ લાખની ચોરી કરી ગયા હતા. મકાન માલિક દિલીપભાઈ કાંતિલાલ ભાવસાર મકાન બંધ કરી બહારગામ ગયેલ હોય ત્યારે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું.

આ અંગે પોલીસને જાણ કરતા તપાસનો દોર હાથ ધરેલ છે. આમ અરવલ્લી જિલ્લાના મોડાસાનગરમાં ચેઈનસ્નોચિંગ ખિસ્સાકાતરૂ તથા ચોરીના ઉપરાઉપરી બનાવો બનતા લોકોમાં ભય ફેલાવવા પામેલ છે. હાલમાં ટાઉન પોલીસ સ્ટેશન સૂમસામ વિસ્તારમાં કાર્યરત કરવામાં આવેલ છે જ્યાં રાત્રિ દરમિયાન નાગરિકોને ફરીયાદ કરવા જવામાં ભારે મુશ્કેલી અને અગવડો વેઠવી પડે છે. મહિલા તથા વૃદ્ધો માટે ભારે મુશ્કેલીભરેલ બનેલ છે. આ અંગે સાઈનબોર્ડ પણ લગાવેલ ન હોવાથી લોકો અવઢવ મુકાતા હોવાનુ લોકમુખે ચર્ચાય છે.

# પાલનપુરની મહંમદી સોસાયટીમાં મોબાઈલ ટાવર ઉભો કરવા સામે વિરોધ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં શહેરમાં ઠેરઠેર રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભા કરી દેવાયા છે. ત્યારે પર આવેલી મહંમદી સોસાયટીમાં રહેણાંક વિસ્તારમાં સલીમભાઈ ઘાંચી નામના વ્યકિત દ્વારા મોબાઈલ ટાવર ઉભો કરવાની ટાવર કુદરતી હોનારતો ટાણે ભયજનક સાબિત થશે તેવી દહેશત વ્યકત કરતા સ્થાનિક રહીશોએ ભારે વિરોધ જતાવ્યો



શહેરની મહંમદી સોસાયટીમાં મોબાઈલ ટાવર ઉભો કરવા સામે સ્થાનિક રહીશોએ વિરોધ જતાવતા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુરના સુખબાગ રોડ હિલચાલ સામે વિરોધનો સુર ઉઠ્યો છે. રહેણાંક વિસ્તારમાં હેતુફેર કર્યા વિના મોબાઈલ ટાવર ઉભો કરવાથી રેડિયેશનને કારણે લોકોના જાહેર આરોગ્ય સામે ખતરો ઉભો થશે. આ ઉપરાંત નબળા બંધકામવાળી દુકાન પર ઉભો થનારો મોબાઈલ હતો. સ્થાનિક લોકોએ મોબાઈલ ટાવરની પરમિશન આપવા સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. રહીશો આજે કલેકટર કચેરી દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

# હાથરોલ નજીક સ્કૂલવાનમાં આગ લાગતા દોડધામ સદ્‌નસીબે કોઈ જાનહાની ન થતા હાશકારો

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર તાલુકાના રણાસણની એક ખાનગી સ્કૂલના બાળકોને લઈ બુધવારે એક સ્કૂલવાન બાળકોને ઘરે મુકવા જઈ રહી હતી ત્યારે અચાનક હાથરોલ નજીક સીએનજી વાનમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જોકે આ ઘટનાને કારણે કોઈ જાનહાની ન થતા સ્કૂલના તંત્ર તથા વાલીઓ હાશકારો અનુભવ્યો હતો.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે હિંમતનગર તાલુકાના રણાસણ ખાતે ચાલતી રોયલ પબ્લીક સ્કૂલમાં ભણતા બાળકોને તેમના ઘરે બપોર બાદ મુકવા જઈ રહી હતી દરમ્યાન હાથરોલ નજીકથી આ સીએનજી સ્કૂલવાન જઈ રહી હતી ત્યારે અચાનક વાનમાંથી ધુમાડો નીકળવાનું શરૂ થતા તેના ચાલકે તરત જ વાનને સાઈડમાં ઉભી કરી દીધી હતી અને ફટાફટ બાળકોને વાનમાંથી બહાર કાઢી દીધા હતા.

ત્યારબાદ પવનને કારણે અને વાનનુ એન્જીન ગરમ હોવાથી તરત જ વાન સળગવા માડી હતી અને તેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવાનું શરૂ થઈ ગયું હતું. જોકે બાળકો સલામત રીતે બહાર નીકળી ગયા હોવાને કારણે સ્કૂલના સંચાલકો તથા વાલીઓ માટે કોઈ ચિંતાનું કારણ ન હતુ. ઘટના અંગે જાણ થતા વાલીઓ અને અન્ય લોકો દોડી આવ્યા હતા. સ્થળ આવ્યા બાદ બાળકોને સલામત જોયા બાદ તેઓએ નિરાંત અનુભવ્યુ હતુ.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં આજે પણ અનેક સ્કૂલ વાહનોમાં બાળકોને ઘેટા-બકરાની જેમ બેસાડીને સ્કૂલમાં અને સ્કૂલમાંથી ઘરે પહોંચાડવા માટે ભાડા પેટે સ્કૂલના સંચાલકો અથવા તો તે વાહનના માલિકો ટ્રાન્સપોટેશન ચાર્જ વસુલે છે. પરંતુ આ પૈકીના મોટા ભાગના વાહનો આરટીઓના ચોપડે નોંધાયેલા છે કે નહી તે આરટીઓના અધિકારીઓ માટે તપાસનો વિષય છે. હવે તો શહેરો કરતા ગામડાઓમાંથી વાલીઓ પોતાના બાળકોને સારૂ ભણતર મળે તે આશયથી નજીકમાં આવેલા તાલુકા મથકે અથવા તો મોટા ગામમાં ચાલતી ખાનગી સ્કૂલોમાં ભણવા માટે આવા વાહનોમાં મોકલવાનો ક્રેજ વધી રહ્યો છે. ત્યારે હાથરોલમાં બનેલી ઘટના પરથી વાલીઓએ શીખવાની તથા જાગૃત થવાની જરૂરી છે.

# હિંમતનગર પાલિકાનું રખડતા ઢોરો પકડવાનું અભિયાન

## બે દિવસમાં ૧૩ રખડતા ઢોર પકડી દંડ વસુલાયો

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરમાં દિનપ્રતિદિન રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો હોવાને કારણે શહેરીજનો ખુબજ પરેશાની વેઠી રહ્યા છે. ત્યારે મંગળવારે અને બુધવારે પાલિકાએ શહેરના વિવિધ વિસ્તારોમાંથી તેર રકડતા ઢોરોને પકડી પાડી તેમના માલિકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો. શહેરમાં બે દિવસમાં ચાલેલી આ કાર્યવાહીને કારણે રખડતા ઢોરોના માલિકોમાં ચહલપહલ મચી જવા પામી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના ખાસ કરીને બગીચા વિસ્તારમાં આવેલ શાકમાર્કેટ, મહાવીરનગર ચોકડી, મોતીપુરા સર્કલ તથા મહેતુપારા અને પોલોગ્રાઉન્ડ સહીતના વિસ્તારોમાં રોજબરોજ દિવસે અને રાત્રે રખડતા ઢોરો રોડ પર ગમે ત્યાં અડીંગો જમાવી દેતા હોવાને કારણ વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં બીક લાગે છે. ક્યારેક તો ખોરાકની સોધમાં નીકળેલા આ રખડતા પશુઓ લોકોને શીંગડે ચઢાવી હડફેટે લેતા હોવાના બનાવો ભુતકાળમાં બન્યા છે. દરમ્યાન હિંમતનગર પાલિકાએ મંગળવારે સહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતી છ ગાયો અને એક આખલાને પાલીકાના વાહનમાં બેસાડી ઢોરના ડબ્બામાં મુકી દેવામાં આવ્યા હતા. બુધવારે પણ પાલિકાએ રખડતા પશુઓ પકડવાની ઝુંબેશ ચાલુ રાખી હતી અને વધુ ૬ રખડતા પશુઓને પકડી લીધા હતા. એટલું જ નહી પણ પાલીકાએ આવા રખડતા પશુઓના માલિકો પાસેથી રૂ.૧૦હજારનો દંડ વસુલ્યો છે.

શહેરીજનોનું કહેવુ છે કે નગરપાલિકાએ રખડતા ઢોરોને પકડવાની ઝુંબેશ અવારનવાર ચાલુ રાખીને શહેરના ભરચક વિસ્તારોને તેના ત્રાસમાંથી મુક્ત બનાવવા જોઈએ. ખાસ કરીને રખડતા ઢોર પકડાય તો તેના માલિકો પાસેથી દંડની રકમ વધારી દેવાની જરૂરી છે. તથા અન્ય મોટા શહેરોની જેમ સહેરી વિસ્તારમાં પાલતા પશુઓના ઘરે રાખતા પરીવારોને અન્ય સ્થળે રહેવાનો વિકલ્પ આપીને શહેરીજનોને રોજબરોજના રખડતા પશુઓના ત્રાસમાંથી મુક્ત બનાવવા નિયમ બનાવીને તેને અમલમાં મુકવો જોઈએ. ખાસ કરીને ચોમાસામાં પશુ માલિકો તેમના પશુઓને દિવસે અને રાત્રે ઘરે ખુંટમાં બાંધવાને બદલે રખડતા છોડી મુકે છે. જેના લીધે વિવિધ સ્થળે આવા રખડતા પશુઓ ગોબર કરીને ગંદકીમાં વધારો કરે છે.

# દાંતીવાડા તાલુકાના ધાનેરીના પ્રેમી પંખીડાએ ઝેરી પ્રવાહી ગટગટાવી

દાંતીવાડા તાલુકાના ધાનેરી ગામની પ્રાથમિક શાળામાં વહેલી સવારે એક પ્રેમી પંખીડાએ ઝેરી પ્રવાહી પી ને મોત ને વ્હાલું કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પ્રેમીપંખીડાની હાલત લથડતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

દાંતીવાડા તાલુકાના ધાનેરી ગામના ૨૭ વર્ષીય મકવાણા વિનોદભાઈ કાંતિભાઈ નામના યુવકને ભાડલી(ઝાત) ગામની ૧૯ વર્ષીય યુવતી પિંકી ડોડીયા સાથે આંખો મળી જતા તેઓ વચ્ચે છેલ્લા ત્રણેક વર્ષથી પ્રેમ સબંધ ચાલતો હતો. સાથે જીવવાનો એકમેકને કોલ આપી ચૂકેલા પ્રેમી પંખીડાના લગ્ન તેમના પરિવારજનોને મંજુર ન હતા. જેથી પ્રેમી પંખીડાએ આત્મહત્યા કરવા માટે બુધવારની વહેલી પરોઢે ધાનેરી ગામની પ્રાથમિક શાળામાં જઈ ઝેરી પ્રવાહી ગટગટાવી દીધું હતું. જે બાદ બંનેની હાલત લથડતા શાળામાં લથડીયા ખાતા હોઈ વિધાર્થીઓ દ્વારા ગામલોકો ને જાણ કરવા માં આવી હતી.

### કાર્ડ રદ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાઈનાન્સ બિલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવી છે. બજેટની દરખાસ્તમાં પણ કહેવામાં આવ્યું છે કે, પેનકાર્ડ અને આધારકાર્ડને સમાંતર બનાવવામાં આવી રહ્યા છે. હાલમાં ૨૨૦ મિલિયન પેનકાર્ડ આધાર સાથે લિંક કરવામાં આવ્યા છે જ્યારે ૧૮૦ મિલિયન પેનકાર્ડને આધાર કાર્ડને લિંક કરવામાં આવ્યા નથી. જો નાગરિકો આ બંનેને લિંક કરશે નહીં અને ટેક્સ રિટર્ન દાખલ કરવા માટે આધાર નંબરનો ઉપયોગ કરશે તો આવકવેરા વિભાગ દ્વારા ઈલેક્ટ્રોનિકલરીતે નવા પેન નંબર જનરેટ કરવામાં આવશે જેને નાગરિકો ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે અને ભવિષ્યમાં આનો ઉપયોગ કરી શકશે. સરકાર દ્વારા બજેટમાં વિવિધ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવી ચુક્યો છે.

### જન્મટીપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેસમાં તમામ સાત આરોપીઓને જેઠવા હત્યા કેસમાં દોષિત ઠરાવ્યા હતા અને આ કેસમાં આખરે તમામ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવતો ચુકાદો સંભળાવ્યો હતો. અમિત જેઠવા હત્યા કેસમાં સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી સહિતના સાતેય આરોપીઓને કોર્ટે આજીવન કેદની સાથે કુલ રૂ. ૬૦ લાખનો દંડ ફટકાર્યો હતો. તેમાંથી જેઠવાના પરિવારજનોને ૧૧ લાખ આપવાનો પણ કોર્ટે હુકમ કર્યો છે. જેમાં રૂ.પાંચ લાખ અમિત જેઠવાની પત્ની અને રૂ.૩-૩ લાખ તેના બે સંતાનોને અપાશે. આરોપીઓને દંડ ફટકારાયો છે, તેમાં શાર્પ શૂટર આરોપી શૈલેષ પંડ્યાને રૂ.૧૦ લાખનો દંડ, ઉદાજી ઠાકોરને રૂ.૨૫ હજારનો દંડ, શિવા પચાણને રૂ.૮ લાખનો દંડ, શિવા સોલંકીને રૂ.૧૫ લાખ દંડ, બહાદુરસિંહ વાઢેર (પોલીસ કોન્સ્ટેબલ)ને રૂ.૧૦ લાખનો દંડ, સંજય ચૌહાણને રૂ.૧ લાખનો દંડ અને દિનુ બોઘા સોલંકીને રૂ.૧૫ લાખ દંડ કરાયો હતો. આમ, કાકા-ભત્રીજા એવા દિનુ બોઘા સોલંકી અને તેમના ભત્રીજા શિવા સોલંકીને સૌથી વધુ રૂ.૧૫-૧૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### પેનલને આદેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવ્યો છે. કોર્ટે કહ્યુ છે કે ત્રણ સભ્યોની સમિતીને ન્યાયાલય દ્વારા સોંપવામાં આવેલા ભૂમિ વિવાદ મામલે કોઈ વધારે પ્રગતિ થઈ નથી. મામલાની સુનાવણી દરમિયાન સંબંધિત પક્ષોના લોકો હાજર રહ્યા હતા. આજની સુનાવણી પર તમામ લોકોની નજર પહેલાથી જ કેન્દ્રિત થઈ ગઈ હતી. સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા મામલે સુનાવણી વર્ષોથી ચાલી રહી છે. કોઈ નિકાલ કરવામા આવી રહ્યો નથી. કોર્ટના કેટલાક નિર્ણય આવી ચક્યા છે. જો કે આ અંગે કોર્ટના ફેંસલાને પડકાર ફેંકીને વારવાર રજૂઆત કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટમાં વારંવાર સંબંધિત પક્ષો તરફથી તર્કદાર દલીલો રજૂ કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટમાં વારંવાર પડી રહેલી તારીખોને લઈને પણ અયોધ્યા મામલે જોડાયેલા લોકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. મામલો વર્ષોથી કોર્ટમાં રહેલો છે. સુપ્રીમ કોર્ટે ૧૮મી જુલાઈ સુધી વચગાળાના રિપોર્ટને સોંપી દેવા માટે આદેશ કર્યો છે. રિપોર્ટને નિહાળ્યા બાદ વધારે આદેશ કરવામાં આવનાર છે.મધ્યસ્થતા પેનલની પાસે પણ હવે સમય ઓછો રહ્યોછે.

### નંબર પડ્યા નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે પેપરલેસ આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીના લીધે અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. ગઈકાલે પણ સર્વર ડાઉન રહેતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. કોઈના કોઈ કારણોસર નંબરો ન પડતા વાહનચાલકો તેમજ ડિલર્સ માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે. ડિલર્સે વારંવાર આર ટી ઓ કચેરી સાથે જ કામગીરી કરવાની થતી હોવાથી સામાન્ય રજુઆત સિવાય કાંઈ થઈ શકતુ નથી ત્યારે આ સ્થિતિ વચ્ચ વાહનચાલકોના રોષનો ભોગ પણ ડીલરો બની રહ્યા છે. ગઈકાલે સર્વર ડાઉન હોવાના લીધે આર ટી ઓ કચેરીમાં ટેકસ ભરવાની કામગીરી પણ અટવાઈ હતી .જયારે અરજદારોના અન્ય કામો પણ અટવાયા હતા.

### ખેડૂતો સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબદાર રહેલી છે. શૂન્યકલાકમાં ખેડૂતોના મુદ્દાને ઉઠાવતા રાહુલે કહ્યું હતું કે, તેમના સંસદીય ક્ષેત્ર કેરળના વાયનાડમાં મંગળવારના દિવસે દેવામાં ડૂબેલા એક ખેડૂતે આપઘાત કરી લીધો છે. વાયનાડમાં બેંકોથી લોન લેનાર ૮૦૦૦ ખેડૂતોને નોટિસ ફટકારવામાં આવી ચુકી છે.

તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી રહી છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ભાજપ સરકારે અમીરોના ૫.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું છે પરંતુ ખેડૂતો માટે કોઈ પગલા લેવામાં આવ્યા નથી. રાહુલે કહ્યું હતું કે, સરકારે ખેડૂતોને લઈને ઘણા વચનો આપ્યા છે પરંતુ આ વચનોને પૂર્ણ કરવા માટે કોઈ પગલા લેવાઈ રહ્યા નથી. જવાબમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, ખેડૂતોની સમસ્યા માટે અગાઉની કોંગ્રેસ સરકારો જવાબદાર છે. રાજનાથસિંહના નિવેદન બાદ ભારે ધાંધલ ધમાલ શરૂ થઈ ગઈ હતી. કોંગ્રેસના સભ્યોએ ધાંધલ ધમાલ મચાવીને સુત્રોચ્ચાર કર્યા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે, ખેડૂતોની આવી સ્થિતિ છેલ્લા પાંચ વર્ષમાં થઈ નથી. છેલ્લા ૭૦ વર્ષથી કોંગ્રેસ દ્વારા સરકાર ચલાવવામાં આવી છે. ખેડૂતોની દયનીય સ્થિતિ માટે આ તમામ લોકો જવાબદાર છે. કોંગ્રેસના શાસનકાળમાં ખેડૂતોએ વધારે પ્રમાણમાં આપઘાત કર્યા છે.

### ડીસામાં સોડાની લારી ચલાવતા યુવકનું અકસ્માતે મોત

ડીસામાં સોડાની લારી ચલાવતો યુવક અકસ્માતે ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ડીસાના ૨૯ વર્ષીય કિશોર ભાઈ રમેશભાઈ શર્મા સોડા સરબતની લારી ચલાવી પેટિયું રળતા હતા. જેઓ સોડાની બોટલ ભરવા જતા સોડાના ગેસ મશીનનું પ્રેશર વધવાથી બાટલો ફૂટી જતા ઘાયલ થયા હતા. જેઓને સારવાર માટે ડીસા સિવિલમાં લઈ જવાયા હતા. પરંતુ ડીસા સિવિલમાં પૂરતી સારવાર ન મળતા વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકનું મોત નિપજ્યું હતું. જોકે, મૃતકના ભાઈએ ડીસા સિવિલમાં અપૂરતા સ્ટાફ અને સુવિધા સામે રોષ ઠાલવ્યો હતો.

### વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમીટેડનો પચાસ પચાસ ટકા સંયુક્ત સાહસ ધરાવતી કંપની છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીએ વધુમાં જણાંવ્યા મુજબ આ હીસ્સો ખરીદવાની બાબત વિચારણા હેઠળ છે.

**ગૌણ ખનિજના નિકાલ માટે ૨૭ બ્લોકનુ ઇ ઓકશન**

ગાંધીનગર જિલ્લામાં ગૌણ ખનિજની હરાજી માટે કુલ ૨૭ બ્લોક ઈ ઓકશન પોર્ટલ પર હરાજી માટે મુકવામાં આવ્યા હતા. ગૌણ ખનિજના નિકાલ પારદર્શક હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન થાય છે કે કેમ તે અંગેના મુખ્ય પ્રશ્નના અનુસંધાનમાં રજુ થયેલા પેટા પ્રશ્નના ઉત્તરમાં પણ ખાણ ખનિજ વિભાગના મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે આ પૈકી ૭ બ્લોકની સફળતાપુર્વક હરાજી કરવામાં આવી છે. જયારે અન્ય ૨૦ બ્લોકની હરાજી પ્રકીયા હેઠળ છે.

**સેવોસતુ કાર્યક્રમ અન્વયે તમામ અરજીઓનો નિકાલ**

સેવાસેતુ અન્વયે જિલ્લામાં એક વર્ષમાં ૩૨ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ ૫૫ સેવાઓ આવરી લેવામાં આવી છે. જયારે આ કાર્યક્રમ અન્વયે ૧,૨૨,૪૬૨ અરજીઓ પણ મળી છે. જયારે આ પૈકી તમામ અરજીઓનો નિકાલ કરી દેવાયો છે.

### હથિયાર પરવાના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે ૭૦ અરજીઓ પેન્ડીંગ છે. તપાસ અધિકારીઓના નકારાત્મક અભિપ્રાય તેમજ હથિયારની માંગણીના કારણો નિયમોને સુસંગત અને ઉચિત ન જણાંતા હોવાના કારણે અરજીઓ નામંજુર કરવામાં આવી છે. હથિયાર પરવાના રીન્યુ કરવા માટે કેટલી અરજીઓ મળી તેવા પેટા પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ રજુ કરેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લામાંથી હથિયાર પરવાના રીન્યુ કરવા માટેની ૧૧૪૪ અરજીઓ મળી જયારે આ પૈકી૧૧૨૨ પરવાના રીન્યુ કરવામાં આવ્યા છે.

### સમર્થનમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમયે ગાંધીનગર જિલ્લામાંથી રાહુલ ગાંધીના સમર્થનમાં તથા ભાજપના ખોટા આરોપોનો જવાબ આપવા માટે સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકા તેમજ શહેરોમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનોને અમદાવાદ ખાતે ઉપસ્થિત રહી ભાજપના અપપ્રચારને ખૂલ્લો પાડવા જિલ્લા કોંગ્રેસની જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે.